પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર.
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૨૬૫ ૨૪૨૩૯૫૦
email Address : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા./ ૨૧૧ /૨૦૨૧ તા.૧૫ /૦૧/૨૦૨૧

## -:જાહેરનામું :-

### ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ. ૩૭(૪) અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ:

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૩૧/૧૨/૨૦૨૦ ક્રમાંક: જીજી/૮૫/ ૨૦૨૦/વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ હુકમ આધારે.

(૨) ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૩૧/૧૨/૨૦૨૦ ક્રમાંક:વિ-૧/કઅવ /૧૦૨૦૨૦/૪૮૨ હુકમ આધારે.

(૩) ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૫/૦૧/૨૦૨૧ ક્રમાંક:વિ-૧/કઅવ /૧૦૨૦૨૦/૪૮૨ હુકમ આધારે.

સમગ્ર દેશમાં COVID-19ની અસરોને ધ્યાને લેતાં નેશનલ ડીઝાસ્ટર મેનેજ્મેન્ટ ઓથોરીટીના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ૨૮/૧૨/૨૦૨૦ ના હુકમ ક્રમાંક ૪૦-3/૨૦૨૦-DM-I(A) થી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૨૦ના હુકમ ક્ર.40-3/2020-DM-I(A) થી થયેલ હુકમ આધારે સંદર્ભ-૧ ગુજરાત સરકારશ્રીના જાહેરનામાથી કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧/૦૧/૨૦૨૧ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે. તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલું રાખવા હુકમ કરવામાં આવેલ છે.

ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ, ૧૮૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (એન.ડી.એમ.એ.) દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં વડોદરા શહેરમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખુબ જ ભીડ જોવા મળેલ તેમજ હરવા-ફરવાની તથા ખાણી-પીણીની જગ્યાઓ ઉપર પણ ખુબ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે હાલમાં શિયાળાની ઋતુનું પ્રારંભ થયેલ છે આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુસર, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે તથા જી.પી.એક્ટ કલમ.૩૭(૪) અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરીસ્થિતીને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું;

આથી, હું ડો.શમશેર સિંઘ,(IPS) પોલીસ કમિશનર, વડોદરા શહેર ફરમાવુ છું કે, તા-૧૫/૦૧/૨૦૨૧ થી તા.૨૯/૦૧/૨૦૨૧ સુધી દરરોજ રાત્રિના કલાક ૨૨/00 થી સવારના ૦૬/00 સુધી વડોદરા શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી, તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

-:વિસ્તાર:-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર



Scanned with CamSca

-:અપવાદ:-

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ/ સંસ્થાઓને ઉપરોકત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે

1. જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.
2. પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસીપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.
3. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ તથા ઈ-કોમર્સ દ્વારા, ફાર્માસ્યુટિકલની હોમ ડિલીવરી.
4. દૂધ વિતરણ.
5. ઈલેક્ટ્રોનીક મીડીયા અને પ્રીન્ટ મીડીયા.
6. ખાનગી સીક્યુરીટી સેવાઓ.
7. આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.
8. અંતિમ સંસ્કારના કિસ્સામાં, પચાસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.
9. રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃતિઓ.
10. રેલ્વે અને હવાઈમાર્ગ અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટિકીટ રજૂ કર્યેથી મંજુરી જે માટે જ ટેકસી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.
11. ATM બેંન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.
12. તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.
13. NIC Scientist, CGL Tier-3, CSIR NET Exam, CA, SSC વિગેરેની અન્ય માન્ય પરીક્ષાઓ આપવા જતા પરીક્ષાર્થીઓને માન્ય પ્રવેશપત્ર/ ઓળખપત્રના આધારે લેવા તથા મુકવા જવા માટેની મંજુરી.
14. ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.
15. પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરનાઓ તરફથી તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વડોદરા તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.
16. ઉપરોકત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝર વિગેરે સંબધમાં COVID-19 ની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:જાહેરવિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમા સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

Scanned with CamSca

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮. અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત. The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૫/૦૧/૨૦૨૧ નારોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર, વડોદરા.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(4) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી.સરકારી પ્રેસ.વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા
રૂ/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.

Scanned with CamScanner

**તાત્કાલિક/COVID-19**

# ગુજરાત સરકાર

ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા. ૧૫.૦૧.૨૦૨૧.

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી – અમદાવાદ/સુરત/ વડોદરા/રાજકોટ

વિષય:- તા.૧૫.૦૧.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૧ દરમિયાન કર્ફ્યુના અમલ બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય સંબંધમાં જણાવવાનું કે રાજયમાં હાલમાં પ્રવર્તમાન COVID-19ની પરિસ્થિતી ધ્યાને લેતાં રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતના પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૪.૦૧.૨૦૨૧ સુધી રાત્રિના ૧૦ :૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી કર્ફ્યુ લાગુ કરવામાં આવેલ.

જે સંદર્ભે પુખ્ત વિચારણા બાદ રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતના પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૫.૦૧.૨૦૨૧ થી તા.૩૧.૦૧.૨૦૨૧ના સમયગાળા માટે રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી કર્ફ્યુ લાગુ કરવા રાજય સરકારે નિર્ણય લીધેલ છે.

પ્રસ્તુત બાબતે આપની કક્ષાએથી સત્વરે જરૂરી હુકમો બહાર પાડવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(પંકજ દવે)
ઉપ સચિવ (કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

**નકલ જાણ અર્થે રવાના:-**

- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamSca

**તાત્કાલિક/COVID-19**

# ગુજરાત સરકાર

ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા. ૩૧.૧૨.૨૦૨૦

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી – અમદાવાદ/સુરત/ વડોદરા/રાજકોટ

વિષય:- તા.૦૧.૦૧.૨૦૨૧ થી તા.૧૪.૦૧.૨૦૨૧ દરમિયાન કર્ફ્યુના અમલ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય સંબંધમાં જણાવવાનું કે રાજ્યમાં હાલમાં પ્રવર્તમાન COVID-19ની પરિસ્થિતી ધ્યાને લેતાં રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતના પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૩૧.૦૧૨.૨૦૨૦ સુધી રાત્રિના ૦૯:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી કર્ફ્યુ લાગુ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે પુખ્ત વિચારણા બાદ રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતના પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૦૧.૦૧.૨૦૨૧ થી તા.૧૪.૦૧.૨૦૨૧ના સમયગાળા માટે રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી કર્ફ્યુ લાગુ કરવા રાજ્ય સરકારે નિર્ણય લીધેલ છે.

પ્રસ્તુત બાબતે આપની કક્ષાએથી સત્વરે જરૂરી હુકમો બહાર પાડવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(પંકજ દવે)
ઉપ સચિવ (કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

**નકલ જાણ અર્થે રવાના:-**

- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.

C:\Users\ADMIN\Desktop\Unlock 6\New folder\31.12.20 curfew & precaution.docx



Scanned with CamSca

# જાહેરનામું

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર

**તા. ૩૧.૧૨.૨૦૨૦**

**ક્રમાંક : જીજી/૮૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**

સમગ્ર દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act, 2005થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪.૦૩.૨૦૨૦ના હુકમ ક્ર. 40-3/2020-DM-I(A)થી સમગ્ર દેશમાં તા.૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યાર બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતોવખતના હુકમથી આ અવધી તા.૩૧.૧૨.૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તથા કેટલીક પ્રવૃત્તિઓ તબક્કાવાર શરૂ કરવામાં આવેલ છે.

૨. સમગ્ર દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતાં National Disaster Management Authorityના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૮.૧૨.૨૦૨૦ના હુકમ ક્રમાંક. 40-3/ 2020-DM-I(A) થી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫.૧૧.૨૦૨૦ના હુકમની અવધિ તા.૩૧.૦૧.૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. આથી તદનુસાર કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧.૦૧.૨૦૨૧ સુધી lock downની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

૩. આથી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૮.૧૨.૨૦૨૦ના હુકમ અનુસાર સમગ્ર રાજ્યમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૦૧.૦૧.૨૦૨૧ના ૦૦.૦૦ કલાકથી તા.૩૧.૦૧.૨૦૨૧ના ૨૪.૦૦ કલાક સુધી Lockdownની અવધિ લંબાવવામાં આવે છે તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં કેન્દ્ર સરકારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિ ચાલુ રાખવા નિર્ણય લેવામાં આવે છે.

૪. ગૃહ વિભાગના તા.૦૧.૧૦.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ જે તા.૩૧.૧૨.૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તેને હવે વધુ એક માસ એટલે કે તા.૩૧.૦૧.૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે.

૫. લગ્ન/સત્કાર સમારંભો જેવી ઉજવણીઓ તથા મૃત્યુ પ્રસંગે વ્યકિતઓની સંખ્યા સંબંધમાં ગૃહ વિભાગના તા.૨૪.૧૧.૨૦૨૦ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી બહાર પાડવામાં આવેલ SOP/ માર્ગદર્શક સૂચનાઓ તથા વ્યકિતઓની સંખ્યાની મર્યાદા યથાવત રાખવામાં આવે છે. વધુમાં લગ્ન માટે ગૃહ વિભાગના તા.તા.૧૧.૧૨.૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી નિયત કરવામાં આવેલ પધ્ધતિ અનુસાર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પંકજ દવે)**
ઉપ સચિવ (કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પ.સ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.



Scanned with CamSca

- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

  ૨/– આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- મેનેજરશ્રી – સરકારી મુદ્રણાલય , સેકટર – ૩૦, ગાંધીનગર

  આ જાહેરનામાની સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધિ કરી તેની ૨૫ નકલો ગૃહ વિભાગ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને મોકલી આપવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ – ૨૦૨૦.



Scanned with CamSca